ભાદી ગામની ખાડીમાંથી ૫ ફૂટનો મગર પાંજરે પુરાયો

અંકલેશ્વરઃ અંકલેશ્વરના ભાદી ગામની ખાડીમાં છેલ્લા કેટલાક દિવસોથી દેખાતો અંદાજે પાંચ ફૂટ લાંબો મગર આખરે વન વિભાગે ગોઠવેલા પાંજરામાં પુરાતા ગ્રામજનોમાં રાહતની લાગણી પ્રસરી હતી. હાલ વન વિભાગ દ્વારા મગરને સુરક્ષિત કુદરતી નિવાસસ્થાને છોડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ભાદી ગામની ખાડીમાં મગર દેખાતા ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો હતો. મગરના કારણે લોકો ખાડીની આસપાસ જતાં પણ ગભરાતા હતા. આ અંગે ગ્રામજનોએ વન વિભાગને જાણ કરતાં વિભાગે તાત્કાલિક સ્થળ પર પાંજરું ગોઠવી મગરને પકડવાની કામગીરી શરૂ કરી હતી. વન વિભાગે સતત સાત દિવસ સુધી સ્થળ પર નજર રાખી હતી. આખરે સાતમા દિવસે અંદાજે પાંચ ફૂટ લાંબો મગર પાંજરે પુરાતા ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો હતો. બાદમાં વન વિભાગની ટીમે મગરનો કબ્જો મેળવી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

તાતીથૈયાના તળાવમાં પગ લપસી જતાં ડૂબી જવાથી યુવાનનું મોત

પલસાણાઃ પલસાણાના તાતીથૈયા ગામના તળાવમાં પગ લપસી જતાં યુવકનું ડૂબી જતાં મોત નીપજ્યું હતું. મૂળ ઉત્તર પ્રદેશના ગાજીપુર જિલ્લાના દુરખુશી ગામના વતની અને હાલ પલસાણાના તાતીથૈયા ગામે શિવદર્શન સોસાયટીના ગુર્જર પેલેસમાં રહેતા ૩૦ વર્ષીય સંદીપ સુરેશભાઈ વિશ્વકર્મા મજૂરી કામ કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. ગત તા. ૧૭મીએ રાત્રે ૧૦ વાગ્યાથી લઈને ૧૮મીએ સવારે ૧૦ વાગ્યા દરમિયાન કોઈપણ સમયે, સંદીપભાઈ તાતીથૈયા ગામની સીમમાં આવેલા તળાવ નજીકથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે કોઈ અગમ્ય કારણોસર તેમનો પગ લપસી ગયો હતો અને તેઓ તળાવના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા, જ્યાં ડૂબી જવાથી તેમનું મોત નીપજ્યું હતું. કડોદરા જીઆઈડીસી પોલીસે તપાસ હાથ ધરી છે.

ફેસબૂક પર જાહેરાત જોઈ સોડાનું મશીન ખરીદવાનું 32 લાખમાં પડ્યું

ઝઘડિયાના ઉમલ્લા ગામના યુવાન સાથે ૩. 32.16 લાખની છેતરપિંડી, અમદાવાદના બે સામે ફરિયાદ

ભરૂચ, ઝઘડિયાઃ ઝઘડિયા તાલુકાના ઉમલ્લા ગામના એક યુવક સાથે સોડા-જ્યુસ મશીન ખરીદવાના નામે 32.16 લાખની ઠગાઈ થઈ હોવાની ફરિયાદ નોંધાઈ હતી.

ઉમલ્લા (દુ.વાઘપુરા) ગામના મોહંમદસલીમ ઈબ્રાહિમભાઈ ખત્રી અને તેમના નાનાભાઈ નબીલએહમદે નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના દેવલિયા ગામે તેમની દુકાનમાં ફાઉન્ટેન સોડા અને જ્યુસનો વ્યવસાય શરૂ કરવાનું નક્કી કર્યું હતું. આ માટે તેમને ઓટોમેટિક સોડા મશીનની જરૂર પડી હતી. લગભગ સાત મહિના પહેલા, નબીલએહમદે સોશિયલ મીડિયા પર સર્ચ કરતા ફેસબુક પર અમદાવાદના તૌફિક ચશ્માવાલાના 'રિલાએબલ વર્લ્ડ' નામના માર્કેટ પ્લેસ પર ઓટોમેટિક સોડા મશીનની જાહેરાત જોઈ. ત્યારબાદ તેમણે આપેલા નંબર પર સંપર્ક કર્યો અને વોટ્સએપ પર મશીનના વીડિયો-ફોટા મેળવ્યા.

મશીન પસંદ આવતાં ભાવપત્રક મંગાવતાં 35,16,400નો ભાવ જણાવાયો. મોહંમદસલીમ ખત્રીએ બેન્ક ઓફ બરોડા, દેવલિયા શાખામાંથી 'રિલાએબલ એન્ટરપ્રાઈઝ'ના નામે ડિમાન્ડ ડ્રાફ્ટ કઢાવ્યો. 11 ફેબ્રુઆરી 2026ના રોજ તેમણે અમદાવાદ દાણીલીમડા સ્થિત ઓફિસે જઈને આરોપી મોહંમદઆરીફ ઐયુબભાઈ ચશ્માવાલાને 35,16,400નો ડ્રાફ્ટ સોંપ્યો. આરોપીઓએ બે-ત્રણ દિવસમાં ડિલિવરીનું આશ્વાસન આપ્યું, પરંતુ મુદત વીતી ગઈ તો પણ મશીન ન મળ્યું. ડિલિવરી ન થતાં મોહંમદસલીમે વારંવાર ફોન કર્યા, પરંતુ કોઈ સંતોષકારક જવાબ મળ્યો નહીં. ત્યારબાદ તેઓ અને તેમના ભાઈએ ચાર-પાંચ વખત અમદાવાદ ઓફિસે જઈને સંપર્ક કર્યો અને રકમ પરત માંગી. આરોપીઓએ ફક્ત 3 લાખ પરત કર્યા, જ્યારે બાકીના 32,16,400 કે મશીનની ડિલિવરી ન આપતાં ફરિયાદીઓને ઠગાઈ થઈ હોવાનું સ્પષ્ટ થયું. આખરે મોહંમદસલીમ ખત્રીએ ઉમલ્લા પોલીસ મથકમાં આરોપી મોહંમદઆરીફ ઐયુબભાઈ અને તૌફિક ઐયુબભાઈ ચશ્માવાલા વિરુદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો નોંધાવ્યો હતો. પોલીસે આ બાબતે તપાસ શરૂ કરી દીધી છે.

સંક્ષિપ્ત સમાચાર

અંકલેશ્વર-વાલિયા રોડ પર બેકાબૂ ટેન્કરે અનેક વાહનોને અડફેટે લીધાં

અંકલેશ્વરઃ અંકલેશ્વર-વાલિયા રોડ પર આવેલી UPL યુનિવર્સિટી સામે આજે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. ટેન્કર ચાલકે અચાનક સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા ટેન્કર બેકાબૂ બની ગયું હતું. બેકાબૂ બનેલા ટેન્કરે યુનિવર્સિટી બહાર પાર્ક કરાયેલા અનેક વાહનોને અડફેટે લીધા હતા, જેના કારણે વાહનોને નુકસાન પહોંચ્યું હતું.

સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે, જેમાં ટેન્કર બેકાબૂ બની વાહનો સાથે અથડાતું સ્પષ્ટ જોવા મળે છે.અકસ્માત સમયે યુનિવર્સિટીની એક બસ ત્યાંથી પસાર થઈ રહી હતી, પરંતુ તેનો આબાદ બચાવ થયો હતો. અકસ્માતની જાણ થતાં સ્થાનિક લોકો અને પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી છે.

ભરૂચના સામલોદમાંથી બે મિત્રની બાઈકની ચોરી

ભરૂચઃ ભરૂચ જિલ્લાના સામલોદ ગામમાંથી બે મોટરસાઇકલની ચોરી થવા પામી હતી. સામલોદ ગામના વતની અને ભરૂચ જુડીઓ ટ્રેડમાં નોકરી કરતાં જગદીશભાઈ ગોપાલભાઈ વસાવાની 80 હજારની કિંમતની તથા તેમના મિત્ર કૌશિકભાઈ ચંદ્રસિંહ પટણવાડિયાની 20 હજારની બાઈકની ચોરીની ફરિયાદ નોંધાતા નબીપુર પોલીસે તપાસ હાથ ધરી છે.

નેત્રંગમાં એક બુટલેગર, બે જુગાર રમાડતા ઝડપાયા

નેત્રંગઃ નેત્રંગ પોલીસે નવી વસાહત વિસ્તારમાં રહેતો લીસ્ટેડ બુટલેગર મોહન કિશન વસાવા (ઉ.વ.૩૩) પોતાના ઘરે દારૂનું વેચાણ કરતો હોય રેડ કરતાં પોલીસે બીયર ટીન નંગ ૫ કિંમત રૂ.૭૫૦ના મુદામાલ સાથે તેને ઝડપી લીધો હતો. જ્યારે કોચ્યાકોલા વિસ્તારમાં રહેતો રાયમલ ભાણા વસાવા (ઉ.વ.૪૩) તેમજ લાલમંટોડી વિસ્તારમાં રહેતો અલ્પેશ ભાનુ પરમાર (ઉ.વ.૩૨)ને આક ફરકના આંકડાનો જુગાર રમાડતા ઝડપી પાડ્યા હતા. ત્રણેય વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

વસિષ્ઠ જેનેસિસ સ્કૂલનું NEET-2026માં ૧૦૦% પરિણામ

બારડોલીઃ બારડોલી તાલુકાનાબાબેન સ્થિત વસિષ્ઠ જેનેસિસ સ્કૂલે NEET-2026ની પરીક્ષામાં ૧૦૦% ક્વોલિફાઇંગ પરિણામ મેળવીને ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. શાળાના B-Groupના તમામ ૨૪ પરીક્ષાર્થી આ પરીક્ષામાં સફળ રહ્યા છે. શાળાના ટોપ-૬ રેન્કર્સમાં નીવી જૈન (૫૪૯), ઉર્મિત વસાવા (૫૦૧), નિષ્ઠાબેન ચૌધરી (૪૬૮), રાજવી પટેલ (૪૬૭), શૈશ્વી ગામિત (૪૪૪) અને સિયા પટેલ (૪૩૬) ગુણ સાથે મોખરે રહ્યા છે. આ વિદ્યાર્થીઓને MBBSમાં પ્રવેશ મળવાની પ્રબળ સંભાવના છે. વિદ્યાર્થીઓની આ ભવ્ય સફળતા બદલ શાળાના ચેરમેન રમણીકભાઈ ડાવરીયા, ડિરેક્ટર્સ અને આચાર્ય પરેશભાઈ ખોરાસીયાએ તમામ સફળ વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષક પરિવારને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

કોસંબામાં 'અપના ઘર આશ્રમ'નું સાંસદ પ્રભુ વસાવાના હસ્તે લોકાર્પણ

હથોડાઃ કોસંબા જકાતનાકા નજીક આજે રવિવારે આપના ઘર આશ્રમનું ભવ્ય લોકાર્પણ કાર્યક્રમ સાંસદ પ્રભુભાઈ વસાવાના હસ્તે યોજાયો હતો. કાર્યક્રમમાં માંગરોળના ધારાસભ્ય ગણપત વસાવા સહિત ભાજપના અનેક કાર્યકરો તેમજ તરસાડી કોસંબા સહિત અલગ અલગ વિસ્તારના લોકો મોટી માત્રામાં હાજર રહ્યા હતા. આ સાથે જ 'અપના ઘર આશ્રમ'ના સંસ્થાપક ડો. બી. એમ. ભારદ્વાજ, આશ્રમના રાષ્ટ્રીય સંરક્ષક વીરપાલસિંહજી તથા વિસ્તારના જાણીતા સામાજિક અને રાજકીય અગ્રણીઓએ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી. હાજર મહાનુભાવોએ નિરાધારોને છત્ર પૂરું પાડવાના આ ઉમદા અને ભગીરથ પ્રયાસ બદલ ઉપસ્થિત અગ્રણીઓએ સમગ્ર આયોજક મંડળ, સહયોગી સંસ્થાઓ તેમજ રાત-દિવસ મહેનત કરનાર તમામ સેવાભાવી કર્મીઓને હૃદયપૂર્વક અભિનંદન પાઠવીને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

ધી સાંધીએર દૂધ ઉત્પાદક સહકારી મંડળીના પ્રમુખ- ઉપપ્રમુખ બિનહરીફ

સાયણઃ ધી સાંધીએર દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં પ્રમુખપદે ગામના સરપંચ અને મંડળીના ડિરેક્ટર મેહુલ આહીર તેમજ ઉપપ્રમુખ તરીકે ઓલપાડની કાંઠા સુગરના સરકારી કસ્ટોડિયન પ્રમુખ અને મંડળીના ડિરેક્ટર વિરલ ઉર્ફે બ્રિજેશ પટેલની બિનહરીફ વરણી કરવામાં આવી છે. મંડળીના કુલ ૧૩ ઝોનમાંથી ૯ ઝોનમાં ઉત્પાદક સભાસદોએ નિયમોનુસાર મંડળીમાં દૂધ ભરેલું હોવાથી ચૂંટાયા હતાં, જ્યારે ૪ ઝોનની સીટ ખાલી રહી હતી. આ ચૂંટણી બાદ રવિવારે મંડળીના ચૂંટાયેલા ૮ બોર્ડ ઓફ ડિરેક્ટરોની પ્રથમ મીટિંગ દક્ષેશભાઈ બળવંતભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી. આ મીટિંગમાં મંડળીમાં છેલ્લાં ૩૦ વર્ષથી સતત પ્રમુખપદે સેવા બજાવતા બાલુભાઈ કે.પટેલે અન્યને મંડળીનું સૂકાન સોંપવા ઈચ્છા વ્યક્ત કરતાં મંડળીના ૩૧મા વર્ષે બન્ને હોદ્દાઓ બદલાયા છે.

અંકલેશ્વરમાં દસ વર્ષથી ફરાર ચોરીનો આરોપી ઝડપાયો

અંકલેશ્વરઃ વર્ષ ૨૦૧૬માં અંકલેશ્વર જીઆઈડીસી વાલિયા ચોકડી ઓવરબ્રિજ નજીક સર્વિસ રોડ પર ટ્રકના ક્લિનરે પેશાબ કરવા જવાના બહાને ટ્રકમાંથી ઓઇલ-ડીઝલ માટે રાખેલા રૂ.૪૧ હજારની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. આરોપી સામે કોર્ટ દ્વારા વોરંટ પણ જારી કરવામાં આવ્યું હતું. પોલીસે બાતમીના આધારે મૂળપુરી ભીમપુરી ગૌસ્વામી (રહે., મેહારાણીયા કી ઘાણી, લુખુ, જિ.બાડમેર, રાજસ્થાન)ને ઝડપી પાડ્યો હતો.

Milano MULTIPLEX
બારડોલી
Dhamal 4
10:00am, 12:00pm, 01:00pm, 03:00pm, 04:00pm, 06:00pm, 07:00pm, 09:00pm, 10:00pm
The Odyssey
11:00am, 02:15pm, 05:30pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્કઃ 98791 33333

ભરૂચના નવા શુક્લતીર્થના દીપડો દેખાતા ગ્રામજનોમાં ભય

ભરૂચઃ ભરૂચ જિલ્લાના નવા શુક્લતીર્થ ગામે દીપડો દેખાતાં ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો છે. ગામની સ્કૂલ ફળિયામાં રહેતા રમેશભાઈ વસાવાના ઘરના વાડામાં આ શિકારી પશુને જોવા મળ્યો હતો. સ્થાનિકોએ તાત્કાલિક વન વિભાગને જાણ કરતાં તેમની ટીમ ઘટનાસ્થળે દોડી આવી અને દીપડાને કાબૂમાં લેવા પાંજરું ગોઠવી દેવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે થોડા દિવસો પહેલાં ઝઘડિયા વન વિભાગની કચેરીમાંથી બીજો એક દીપડો પાંજરામાંથી ભાગી ગયો હતો, જેને લઈને આ ઘટનાએ વધુ ગંભીર સ્વરૂપ લીધું છે. તંત્ર દ્વારા નવા શુક્લતીર્થ ગામમાં આ દીપડાને પકડવા માટે સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.

પીપોદરા GIDCમાં ધમધમતા જુગારધામ પર દરોડા, ૨૪ ઝડપાયા

એલસીબી પોલીસે રોકડા, 20 મોબાઈલ મળી કુલ 1.60 લાખની મતા કબજે કરી

પલસાણાઃ પાલોદ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા પીપોદરા જીઆઈડીસી વિસ્તારમાં ધમધમતા જુગારધામ પર એલસીબી પોલીસે દરોડો પાડીને કુલ ૨૪ આરોપીને રંગેહાથ ઝડપી પાડ્યા છે.

પીપોદરા જીઆઈડીસીમાં આવેલ બંસરી ટેક્સટાઈલ્સ, વિભાગ-૦૨ના એક રૂમમાં બહારથી માણસો બોલાવીને ગંજીપાના વડે પૈસાનો હાર-જીતનો અંદર-બહારનો જુગાર રમાડવામાં આવી રહ્યો હોવાની બાતમીના આધારે પોલીસે તાત્કાલિક તે રૂમ પર દરોડો પાડ્યો હતો. રેડ દરમિયાન પોલીસે સ્થળ પરથી જુગાર રમતા ૨૪ જેટલા ઈસમોને દબોચી લીધા હતા, જ્યારે જુગાર રમવા માટે રૂમની વ્યવસ્થા કરી આપનાર એક અન્ય શખ્સને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. પકડાયેલા આરોપીઓ પાસેથી પોલીસે દાવ પરના રોકડા રૂપિયા ૧૦,૪૦૦, અંગજડતીના રોકડા રૂપિયા ૫૮,૧૦૦, અંદાજે રૂપિયા ૯૨,૦૦૦ની કિંમતના ૨૦ નંગ મોબાઈલ ફોન તથા ગંજીપાના સહિત કુલ રૂપિયા ૧,૬૦,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પકડાયેલા આરોપીઓ

સીબા બિસવાલ, બાબુ રામુ બહેરા, અશોક સુભાષ દાસ, સીબાશંકર ધોબા પ્રધાન, દિબાકર શ્રીનાથ બિસવાલ, બીક્રમ બાબુ પ્રધાન, પ્રભાકર યુધિષ્ઠિર બેહરા, મીટુ ધોબા બિસોઈ, રાજુ સુભાષ પ્રધાન, નારાયણ કાશીનાથ બરાડ, રામનારાયણ રામકિશન નિશાદ, નગર કાલુ શાહુ, , ભગવંત શિબરામ બહેરા, શંકર શત્રુઘ્નભાઈ સ્વાઈન, બાબુ સુખદર્શન શાહુ, સુશાંત ગોવિંદભાઈ ગોસ, શિવરામ સુદર્શન પોલાઈ, કાનું ચરણ નિરાકાર જેના, (તમામ રહે., પીપોદરા, મૂળ ઓરિસ્સા), વાલ્મિકી પીતાંબર પ્રધાન (રહે., પાંડેસરા, મૂળ ઓરિસ્સા), સંતોષકુમાર લખનભાઇ શાહુ (રહે. પીપોદરા, મૂળ બિહાર), સનાતન ઉત્સવ સ્વાઇન, વરૂણ રાઘવ બિસોઈ, બીક્રમ મહેશ્વર પ્રધાન (તમામ રહે., લસકાણા, મૂળ ઓરિસ્સા)રામદરસ નીથુરી પ્રજાપતિ (રહે., નવી પારડી, કામરેજ, મૂળ ઉત્તર પ્રદેશ)

વોન્ટેડ આરોપીઃ જીતુ ગૌડા (રહે., પીપોદરા)

અંકલેશ્વરમાં બે સગીર બહેન પર હુમલો, દંપતીની ધરપકડ

શાળામાં થયેલા ઝઘડાની અદાવતમાં રસ્તા વચ્ચે રોકી માર મરાયો, ઘટનાનો વિડીયો વાયરલ

અંકલેશ્વરઃ અંકલેશ્વર જીઆઈડીસીના ગાર્ડન સિટી રોડ પર ટ્યુશન જતી બે સગીરવયની સગી બહેનો પર ક્રિકેટના બેટ અને ચંપલ વડે હુમલો કરવાના બનાવમાં બી ડિવિઝન પોલીસે મુખ્ય આરોપી પિતા અને તેની પત્નીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. શાળામાં કોઈ બાબતે વિદ્યાર્થીઓ વચ્ચે થયેલા ઝઘડાની અદાવતમાં આરોપી પરિવાર બંને બહેનોના ઘરે ઠપકો આપવા ગયો હતો. ત્યારબાદ બંને બહેનો મોપેડ પર ટ્યુશન જવા નીકળતા આરોપી પરિવારે તેમનો પીછો કર્યો હતો. ગાર્ડન સિટી રોડ પર કાર આડી મૂકી બંનેને રોકી દેવામાં આવી હતી. આરોપી પિતાની ઉશ્કેરણીથી માતા, દાદી અને દીકરીએ ક્રિકેટના બેટ તથા ચંપલ વડે બંને બહેનો પર હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી. સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યાં હતા, જે સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ મામલો ચર્ચાનો વિષય બન્યો હતો.

ઘટનાની જાણ થતાં બી ડિવિઝન પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન ગોલ્ડન પોઈન્ટ વિસ્તારના રહેવાસી ગુરુદેવ ઉર્ફે દેવ પ્રીતમ સિંગ જેસર અને તેની પત્ની ભાવનાની ધરપકડ કરવામાં આવી હતી. હુમલામાં વપરાયેલી ફોર-વ્હીલર કાર અને ક્રિકેટનો બેટ કબજે કરવામાં આવ્યા છે. અન્ય સંડોવાયેલા આરોપીઓ અંગે પણ પોલીસે તપાસ આગળ ધપાવી છે.

જૂની અદાવતમાં યુવક પર હુમલો, ગાલ પર બચકું ભરી માર મરાયો

બારડોલીના ધુલિયા ચાર રસ્તા પર બનેલી ઘટનામાં ત્રણ સામે ગુનો નોંધાયો

બારડોલીઃ સુરત જિલ્લાના બારડોલી વિસ્તારમાં જૂની અદાવત રાખી એક યુવક પર ત્રણ ઈસમ દ્વારા હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

બારડોલીના માતા ફળિયામાં રહેતા અને ડ્રાઇવિંગનો વ્યવસાય કરતાં ૩૦ વર્ષીય સોહેબ ઇબ્રાહીમ રાવત ગત તારીખ ૧૭ જુલાઈ ૨૦૨૬ના રોજ રાત્રે સાડા અગિયારેક વાગ્યાના અરસામાં તેમના મિત્ર વિજયભાઈ રાઠોડની અલ્ટો ગાડી લઈને ધુલિયા ચાર રસ્તા પાસે આવેલી ચામુંડા હોટલ ખાતે ચા લેવા ગયા હતા. આ સમયે ત્યાં ખેતલાઆપા ટી સ્ટોલ નજીક મોશીન સલીમ કાઝી (ઘોડાવાળા), અંકીતભાઈ તથા સમદ નામના ઈસમો અંદરોઅંદર ઝઘડો કરી રહ્યા હતા. સોહેબ ગાડીમાંથી બહાર નીકળીને ઊભા રહેતા જ આ ત્રણેય ઈસમે કોઈ પણ કારણ વગર અચાનક તેમની પાસે આવીને મારામારી શરૂ કરી દીધી હતી. હુમલા દરમિયાન મુખ્ય આરોપી મોશીને સોહેબના જમણા ગાલ પર બચકું ભરી લીધું હતું, જ્યારે તેની સાથેના અંકીતભાઈ અને સમદે સોહેબને ઢીકમુક્કીનો માર માર્યો હતો. આરોપીઓએ જાહેરમાં ગાળાગાળી કરી સોહેબને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. ભોગ બનનારે પોલીસને જણાવ્યું હતું કે આશરે ત્રણેક મહિના પહેલાં આરોપી મોશીન સાથે થયેલી ગાળાગાળીની અદાવત રાખીને આ હુમલો કરવામાં આવ્યો હતો. આ ઝપાઝપી દરમિયાન ફરિયાદીના આશરે આઠ હજાર રૂપિયા પણ ક્યાંક પડી ગયા હતા. ઘટના સમયે પોલીસ વાહન આવી પહોંચતા ત્રણેય આરોપીઓ ત્યાંથી ભાગી છૂટ્યા હતા. ઇજાગ્રસ્ત સોહેબ રાવતને તાત્કાલિક સારવાર માટે સરદાર સ્મારક હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. બારડોલી પોલીસે સોહેબની ફરિયાદના આધારે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

જંબુસરના વેડચમાં 41 કિલો ગૌમાંસ સાથે 4 પકડાયા

કુલ ૩. 1.40 લાખનો મુદ્દામાલ કબજે કરાયો

જંબુસરઃ જંબુસર તાલુકાના સારોદ ગામમાં વેડચ પોલીસે ગૌમાંસ અને ગૌવંશની કથિત હત્યાના મામલે કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે ચાર આરોપીઓની ધરપકડ કરીને 40.94 કિલો ગૌમાંસ સહિત 1.40 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

વેડચ પોલીસને મળેલી બાતમીના આધારે સારોદ ગામમાં દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી 40.94 કિલો ગૌમાંસ મળી આવ્યું હતું. સાથે જ ગૌવંશની હત્યામાં વપરાતાં સાધનો અને અન્ય સામગ્રી પણ જપ્ત કરવામાં આવી છે. ધરપકડ કરાયેલા આરોપીમાં સલીમ અલી ફિચા, સલમાન સલીમ ફિચા, શાકીબ સલીમ ફિચા અને રફીક મહમદ બોકડ (તમામ રહે-તળપદ નવીનગરી, સારોદ, તા-જંબુસર, જિ-ભરૂચ)નો સમાવેશ થાય છે. પોલીસે 40.94 કિલો ગૌમાંસ કિંમત રૂ.4094, ગૌમાંસ કટિંગમાં વપરાતા છરા, ચપ્પા,,ઇલેક્ટ્રિક વજન કાંટો, ત્રણ મોટરસાઇકલ, ત્રણ મોબાઇલ અને રોકડ રકમ રૂ. 5150 મળી કુલ રૂ.1,40,244ની મત્તાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. વેડચ પોલીસે તમામ આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ 325, ગુજરાત પ્રાણી સંરક્ષણ (સુધારા) અધિનિયમ-2017ની વિવિધ કલમો અને પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધીને વધુ કાર્યવાહી હાથધરી હતી.

વાલોડમાં 3, વ્યારામાં 2.6 ઈંચ વરસાદ

વ્યારાઃ તાપીમાં વ્યારા, ડોલવણ, વાલોડ, સોનગઢ સહિત ઉકાઈ તાલુકામાં નોંધપાત્ર વરસાદ પડ્યો હતો. જેમાં ગતરોજ સાંજે 4 વાગ્યા સુધીમાં છેલ્લાં 18 કલાક દરમિયાન જિલ્લામાં વાલોડમાં 3 ઈંચ, વ્યારામાં 2.6 ઈંચ, ડોલવણમાં 1.4 ઈંચ, સોનગઢમાં 1 ઈંચ જ્યારે ઉકાઈમાં 0.8 ઈંચ વરસાદ વરસ્યો હતો. જ્યારે છેવાડાના ઉચ્છલ, નિઝર અને કુકરમુંડા તાલુકા હજુ પણ કોરાકટ રહ્યાં હતાં. વ્યારા સહિત પાંચ તાલુકાના વિસ્તારોમાં નોંધપાત્ર વરસાદ પડતાં ડાંગરની રોપણી કરવા માટે ખેડૂતોને આંશિક રાહત મળી હતી. જોકે છેવાડાના ઉચ્છલ, નિઝર સહિતના વિસ્તારોમાં વરસાદનાં અભાવે ખેડૂતોની મુશ્કેલીઓ વધારો થયો છે. ત્યારે આ તાલુકામાં સારા વરસાદ માટે ખેડૂતો આશા સેવીને બેઠાં છે.

કીમમાં ન્યૂઝીલેન્ડના વિઝાના નામે 18 લાખની છેતરપિંડી

ફૂડસદના યુવકને ખોટા મંજૂરી પત્રો મોકલી વિશ્વાસ સંપાદન કર્યો

કીમઃ ઓલપાડ તાલુકાના કુડસદ ગામના એક ખેડૂત સાથે ન્યૂઝીલેન્ડમાં વર્ક વિઝા અપાવવાના બહાને 18 લાખની છેતરપિંડી કરનારા સામે કીમ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ 316(2), 318(4) અને 336(3) હેઠળ ગુનો નોંધાયો છે.

ફરિયાદી કેતનભાઈ ચંદુભાઈ પટેલ (રહે., કબૂતર ફળિયું, કુડસદ)એ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના પુત્ર ઉદિત પટેલને ન્યૂઝીલેન્ડમાં વર્ક વિઝા અપાવવાના બહાને માસમા રોડ, ઓલપાડના જયરાજ હસમુખભાઈ મકવાણાએ વિશ્વાસમાં લઈ રૂ. 20થી 22 લાખ ખર્ચ થશે તેમ જણાવ્યું હતું. આરોપીએ અલગ-અલગ હપ્તામાં ખોડિયાર ઈમિગ્રેશનના નામે બંધન બેંકના ખાતામાં RTGS મારફતે કુલ રૂ.18 લાખ જમા કરાવ્યા હતા. ત્યારબાદ ફરિયાદીના પુત્રના વોટ્સએપ પર ન્યૂઝીલેન્ડના વર્ક વિઝાના દસ્તાવેજો અને મંજૂરીના પત્રો મોકલી વિશ્વાસ ઉભો કર્યો હતો. પુત્ર વિદેશ જવાની તૈયારીમાં હતો અને ટિકિટ પણ બૂક કરાવી દીધી હતી. અંતિમ મંજૂરી પત્ર ન મળતા શંકા જાગી હતી. બાદમાં આરોપી સંપર્કમાં ન રહેતા અને આપેલા દસ્તાવેજો ખોટા હોવાનું સામે આવતા પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું ફરિયાદીને જાણવા મળ્યું હતું. વધુ તપાસ પોલીસ ઈન્સ્પેક્ટર પ્રાણવીરસિંહ ચંદનસિંહ સરવૈયા કરી રહ્યા છે.

ઓલપાડની મુસ્લિમ પરિણીતાના સાસરિયાઓ સામે ગંભીર આક્ષેપ

'મારા દીકરાના દસ નિકાહ કરાવી શકું તેમ છું'

'તું કાળી છે, ગમતી નથી' કહી સાસુ પુત્ર માટે બહારથી સ્ત્રીઓ બોલાવતી હોવાનો આક્ષેપ

પતિ અગાઉ બળાત્કારના ગુનામાં ૪ વર્ષની જેલ કાપી ચૂક્યો હોવાનો ખુલાસો, સાસરિયાઓ સામે પરિણીતાની ફરિયાદ

સાયણઃ ઓલપાડની પરિણીતાએ દહેજ માંગણી, ત્રાસ અંગે સાસરીયાઓ વિરુદ્ધ મહિલા પોલીસમાં ફરિયાદ આપી છે. ઓલપાડ ટાઉનમાં સરસ રોડની રોયલ રેસિડેન્સીના ઘર નં.૨૫ માં સોહાના મોહમંદ રમીઝ શેખની પત્ની મયુદ્દીન મલેકની દીકરી (ઉ.વ.૩૨) હાલ પોતાના પિતાના ઘરે પિયરમાં રહે છે. તેણીના અગાઉના પતિ સાથે મનમેળ ન હોવાથી ૧૩ વર્ષની દીકરી સાથે તલાક લીધા હતાં.

ત્યારબાદ સોહનાના બીજી વખતના નિકાહ ઓગસ્ટ-૨૦૧૯માં સગરામપુરામાં તવકલ્લ એપાર્ટમેન્ટના ફ્લેટ નં.૩૦૨માં રહેતા અને બે સંતાનના પિતા મોહમંદ રમીઝ સલીમ શેખ સાથે થયા હતાં. પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું છે કે, આ દરમિયાન ગર્ભ રહેતા તેણીને હાલ સાડા ચાર વર્ષનો દીકરો મોહમંદ તૈફર છે. જો કે નિકાહના ૧૫ દિવસ પછી મોટી નણંદ શહેબાઝ ઈલ્યાસ પટેલ (હાલ રહે., ૨૦૪, રિંગ રોડ, શાહી દરબાર હોટલની સામે, નવસારી) સાથે ઘરકામ બાબતે લડાઈ ઝઘડો થતાં આ ઝઘડામાં તેણીની સાસુ શબાના મોહમંદ સલીમ શેખ અને બીજી નાની નણંદ આશિકીન ઈમરાન કાઝી (રહે., ઝીન્નત બંગ્લોઝ, બાયપાસ રોડ, બાગે રેહમત સોસાયટી, ભરૂચ) એ ફેબ્રુઆરી ૨૦૨૬ ના સમયગાળા દરમિયાન માનસિક ત્રાસ આપી દહેજની માંગણી કરી હતી. આ બાબતે તેણીએ પતિ